Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-4, Continuous Issue-33-34, September October 2025

# ગુજરાતી રંગકર્મી જયશંકર 'સુંદરી'નું આત્મકથ્ય – 'થોડાં આંસુ : થોડાં ફૂલ'

-આરતી થોરિયા

'થોડાં આંસુ : થોડાં ફૂલ' આજીવન રંગમચની આરાધના કરનાર જયશંકર 'સુંદરી'ની આત્મકથા છે. જયશંકર 'સુંદરી'એ એમના જીવનના છૂટક પ્રસંગો ડાયરીમાં નોંધ્યા હતા. પરંતુ એનું સંપૂર્ણ સંકલન કરી ૧૯૭૬માં આત્મકથા પ્રકાશિત કરવામાં આવી હતી. જેનો યશ એમના દીકરા દિનકર ભોજક અને એમના માનસપુત્ર સોમાભાઈ પટેલને આપવો પડે. દિનકર ભોજકે નેપથ્યેમાં લખ્યું છે. ૧૯૬૪ની એક સવારે પ્રા. સોમાભાઈ પટેલ દિનકર ભોજકને મળી જણાવે છે કે, "મારે પૂ. દાદાજીની આત્મકથા એમની પાસે બેસીને લખવી છે." તેમની આંખોમાં સત્યનિષ્ઠા, પ્રમાણિકતા અને મહેનત કરવાનો દૃઢ નિશ્ચય જોયો એટલે કહે છે, "એમણે છૂટક છૂટક પ્રસંગો નોંધવાનો પ્રયત્ન કર્યો છે ખરો." પછી તો ૧૯૬૪ થી ૧૯૬૮ સુધી નિયમિત સોમાભાઈ પટેલ એમના ઘરે જતાં અને પૂ. જયશંકર 'સુંદરી' જીવન પ્રસંગો બોલતા જાય અને તે નોંધ ઉતરતા જાય. પ્રતિષ્ઠિત સાહિત્યકાર હરીન્દ્ર દવેએ કથા વાંચી અને પસંદ આવતા મુંબઈના 'જનશક્તિ'માં વિવિધ ફોટોગ્રાફ્સ સાથે રવિવારની પૂર્તિમા ૧૯૭૫થી છાપવામાં આવી અને ૧૯૭૬માં શિવજી આશર, વોરા એન્ડ કંપની દ્વારા પ્રકાશિત કરવામાં આવી. બાર પ્રકરણમાં વિભાજિત આ આત્મકથનના 'અંતરનાટક' નામના પ્રકરણમાં જયશંકર 'સુંદરી' વાચકને જણાવતા લખે છે કે, "હે ! પ્રિય વાચક, તારા મનોપ્રદેશમાંથી દૂર થાઉં એ પહેલાં મારા અંતરનાટકની વાત તારી આગળ કરવા ઈચ્છુ છું. તું જાણે છે કે ભાષા એ માનવીના હાથમાં આવેલું સૌથી ખતરનાક ઓજાર છે કારણકે એ જેટલું પ્રગટ કરે છે એના કરતાં ઢાંકે છે સવિશેષ. હું થોડીક જ ક્ષણોમાં તમારા માનસપટ પરથી ભૂંસાઉં એ પહેલાં મારામાં રહેલા પેલા 'જયશંકર સુંદરી'ને દૂર કરી, બને તેટલા સમ્યક્ભાવે રંગમંચની વિદાયક્ષણોને શબ્દસ્થ કરવા પ્રયત્ન કરું છું. એમ કરતાં ક્યાંક આત્મશ્લાઘામાં સરી પડું તો મને ક્ષમા કરજે." આત્મકથાનું મુખ્ય શીર્ષક 'થોડાં આંસુ : થોડાં ફૂલ'ની સાથે 'સમાંતર જિંદગીની કથા' એવું સાંકેતિક રીતે દર્શાવ્યું છે. આ 'સૌભાગ્યસુંદરી' નાટકમાં 'સુંદરી'ના અભિનયથી 'જયશંકર ભોજક'ના બદલે આજીવન 'જયશંકર સુંદરી' તરીકે જાણીતા થયેલા એવા રંગભૂમિના આરાધક 'જયશંકર સુંદરી'એ તખ્તાપર જીવેલ જીવનનું આલેખન કર્યું છે.

આત્મકથાનું પ્રથમ પ્રકરણ 'જીવનપ્રભાત'માં બાળપણના સ્મરણો આલેખ્યા છે. આત્મકથાની શરૂઆતમાં જ એમને લખ્યું છે, "મારે રંગભૂમિના નટ થવું હતું. એનું આકર્ષણ કોણ જાણે કેમ આનુવંશિક સંસ્કાર કહો કે પૂર્વનો કોઈ અજ્ઞાન-તંતુ ગણો, મને બાળપણથી હતું." પૂર્વતંતુની વાત કરીએ તો જાણીતા ગાયક દાદા ત્રિભોવનદાસ ભોજકના જૈન કુટુંબમાં એમનો જન્મ ૧૮૮૯માં થયો એ વર્ષે જ ભવિષ્યમાં જે મંડળી થકી રંગભૂમિ પર પ્રસિદ્ધિ પ્રાપ્ત થવાની હતી એ મુંબઈ ગુજરાતી નાટક મંડળીનો પણ જન્મ થયો હતો. આનુવંશિક રીતે દાદા ત્રિભોવનદાસનો સુરીલો કંઠ વારસામાં મળેલો અને દાદાએ જ ભૂતપ્રેતનો ડર ઉદાહરણ સાથે દૂર કરેલો. જમનાફોઈ પણ સરસ ગાતા, પિતા કર્મવાદના સિદ્ધાંતમાં માનનારા, મોટાં મુળીબહેન વહેમી જ્યારે પિતા સ્મશાનમાં ફરી આવતા એટલે હિંમતવાન તો ખરા! પણ અજાણતા કૂતરાને લાકડી વાગી જાય તો શીરો ખવડાવતા એટલા દોષભીરુ પણ ખરાં! નાના હતા ત્યારે એક રૂપિયાની ચોરી કરેલી જેની જાણ મોટી બહેનને થતાં ઘરના સ્વજનોએ એમની સાથે અબોલા કરેલા અને ફરી 'આવું નહિ કરવાના સોગંદ આપ્યા' જે એમને આજીવન પાળેલા છતાં બે વાર સોગંદ તોડેલા એનો નિખાલતાથી સ્વીકાર કરતાં એમને લખ્યું છે કે, "છતાં બે પ્રસંગો એવા બન્યા જેમાં મારે પીછેહઠ કરવી પડી છે. પહેલો પ્રસંગ ઈ. સ. ૧૯૦૩માં મારાં

લગ્ન પછી ગોત્રજ સમક્ષ આપેલા સોગંદ હું પાળી શક્યો ન હતો. અને બીજો પ્રસંગ ઈ. સ. ૧૯૧૫માં એક દુકાનમાંથી એક ટૂથબ્રશ વધારાનો લેવાનો અપરાધ કરી આ સોગંદ તોડ્યા હતા. ગામઠી શાળામાં અભ્યાસમાં કરતાં ત્યારે નિશાળ જેલ જેવી લાગતી એટલે ઘરેથી નિશાળ જવાનું કહી તળાવના કિનારે આવેલ ગરનાળામાં સંતાઈ જતાં, માસ્તરને પાણી પીવાનું બહાનું આપી વિદૂષક પાછળ ગામમાં ફરતા, સ્લેટમાં નાટકના પડદા અને હાથી-ઘોડા ચિતરતા. બહુરૂપીને જોઈ અનુકરણ કરતાં આમ બાળવયથી જ અભિનયનો રંગ લાગ્યો હતો. બહુરૂપીનો વેશ, નળદમયંતીની કથા, ઈલાચીકુમારનું ચિત્ર અને હરિશ્ચંદ્ર નાટકની બાળમન પર વિશેષ અસર થયેલી જે એમના અંતરનટને તૈયાર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. એમને કલકત્તા તરફ દોરી જાય છે.

‘કલકત્તાને માર્ગે’ નામના પ્રકરણમાં બત્રીસ મહિના સુધી કલકત્તામાં ‘પારસી નાટક મંડળી’ના આશ્રયે રંગભૂમિ પર કરેલ અભિનય, મંડળીની નાટ્યતાલીમ અને એમના ગુરુ દાદાભાઈ રતનજી ઠૂઠી વિશે વિસ્તારથી લખ્યું છે. કલકત્તા ગયા ત્યારે વચ્ચે મુંબઈ રોકાવાનું થયું ત્યારે સખારામ છોકરાઓને ઉર્દૂ ગીત કંઠસ્થ કરવા કહેલું પણ જયશંકરથી એ થયું નહિ એટલે બે થપ્પડ મારી જેનો બદલો લેવા કલકત્તા જતાં, વચ્ચે ટનલમાંથી ટ્રેન પસાર થતી ત્યારે અંધારાનો લાભ લઈ સખારામને લાફો મારે છે. જેની વઢ તેમની બાજુમાં બેસેલા છોકરાને મળી અને તે રડવા લાગ્યો. પશ્ચાતાપ કરતાં આ વિશે લખ્યું છે, “મારે બદલે એ છોકરો ગુનેગાર ઠર્યો એનું મને દુઃખ થવા લાગ્યું.” એ સમયની નાટ્યતાલીમ વિશે લખ્યું છે, “પહેલાં કેમ બોલવું, પછી કેમ ગાવું અને એ પછી અંગોના હલનચલન કેવી રીતે કરવા એ પ્રકારની હતી.” આમ, ક્રમિક તાલીમ આપવામાં આવતી. ન આવડે કે ભૂલ પડે તો માર મારવામાં આવતો. લખે છે કે, “છોકરાઓને શિખવાવમાં મારનો ઉપયોગ સહજ લાગતો. કેમ જાણે શિક્ષણ આપવાનો આ જ એક માત્ર પ્રકાર ન હોય?” અહીંયા જ એ ઉર્દૂ ભાષા શીખે છે. એ સમયે મેકઅપ માટે સફેદ ઝીંક પાવડર, લાલ અને પીળા રંગનો ઉપયોગ કરવામાં આવતો, પ્રકાશ માટે ગેસના દીવાઓ વપરાતા, નાટક શાળા બે ભાગમાં વહેચાયેલ હતી એક પ્રેક્ષકગૃહ અને બીજો રંગમંચ. આમાં કલકત્તાના ત્રણ વર્ષ વસવાટના જયશંકર ‘સુંદરી’ના આત્મકથનની સાથે સાથે ‘પારસી નાટક મંડળી’, કલકત્તાની રંગભૂમિ, નાટ્યતાલીમ વિશે આલેખન પામ્યું છે. પિતાની ખરાબ તબિયતના સમાચાર મળતા જમશેદજી બાવાને અનિચ્છાએ એક મહિનામાં પાછા આવશે એવું વચન આપી ૧૯૦૧માં વતન પાછા આવે છે. જેનો પશ્ચાતાપ ૧૯૦૬ – ૧૯૦૭માં ફરી જમશેદજી બાવાને મુંબઇમાં મળે છે ત્યારે થાય છે.

‘ગેઇટીની ‘સુંદરી’ નામના પ્રકરણમાં મુંબઈ ગુજરાતી નાટક મંડળીના આશ્રયે પહેલીવાર સ્ત્રીભૂમિકા કરી એની અનુભૂતિ વિશે લખે છે કે, “એક ક્ષણ.. જ્યારે જયશંકરે પ્રથમ પોલકાને.. સ્ત્રીની બોડીસને કે ચણીયાને શરીર ઉપર લગાડ્યો. એક પુરુષ જાણે સુંદરીમાં પલટાતો હોય એમ મને લાગ્યું,પુરુષનું સ્ત્રીમાં રૂપાંતર કે અવાંતર નહિ પરંતુ સ્ત્રી ભાવોના પ્રગટીકરણ માટે કળા સ્વરૂપ ઘડવાનો પરમ પુરુષાર્થ. મેં મારામાંથી એક સુંદર નવયૌવનાને છૂટી પડતાં જોઈ. જેના ઘાટીલા, મદભર અંગોમાંથી યૌવન નીતરે છે. જેની છટામાં સ્ત્રીનું લાવણ્ય મહેકી રહ્યું છે. જેની આંખોમાંથી સ્ત્રી સહજ ભાવો ઊભરાયા કરે છે. જેની ચાલમાં ગુજરાતણનો ઠસ્સો પ્રગટે છે. જે પુરુષ નથી એક માત્ર સ્ત્રી જ છે.. સ્ત્રી જ છે. એવી એક છબીને મેં અરીસામાં જોઈ.” આ હતું જયશંકરનું ‘ભોજક’માંથી ‘સુંદરી’માં રૂપાંતર. જેને મુંબઈની સ્ત્રીઓને ફેસનનું ઘેલું લગાડેલું. મુંબઈની સ્ત્રીઓ એમના પહેરવેશ, રીતભાતનું, ચાલનું, ટાપટીપનું અનુકરણ કરતી હતી. ‘વિક્રમચરિત્ર’, ‘લલિતા દુઃખદર્શક’, ‘જુગલ જુગારી’, ‘કામલતા’, ‘દાગે હસરત’ જેવા નાટકોમાં સ્ત્રીભૂમિકા ભજવનાર જયશંકર ‘સુંદરી’ પુરુષપાઠ ભજવે છે ત્યારે નિષ્ફળ જાય છે. એ લખે છે કે, “‘હામાન’ નાટકમાં મુઝફરનો પુરુષપાઠ એક વાર લીધો પરંતુ પુરુષની ચાલ સ્ટેજ ઉપર મને આવડી જ નહિ. પરિણામે લોકો હસી પડેલા.” એમને ગુજરાતની જે સ્ત્રીની શોધ હતી એ ‘સરસ્વતીચંદ્ર’ નવલકથાના નારીપાત્રોમાંથી મળી છે.

‘કોઈ દૂધ લ્યો દિલ રંગી..’ પ્રકરણનું આ શીર્ષક ‘વિક્રમચરિત્ર’ નાટકમાં રંભાની ભૂમિકના ગયેલ ગીતના શબ્દો છે. આ ગીત એ સમયે એટલું લોકપ્રિય થયેલું કે, મિલોએ સાડી અને ધોતિયાની કિનારી પર ગીતના શબ્દ છપાવેલા. જે એ સમયના પ્રેક્ષકોનો નાટ્યપ્રેમ રજૂ કરે છે. એટલું જ નહી

શુભેચ્છક શેઠશ્રી ગોકળ મૂળચંદ, જયશંકરના નામે ધંધો કરનાર શેઠ ફઝલેહુસેન કુંઠાવાલા, પ્રસંશક અને અંગ્રેજી ભાષા શીખવાની વ્યવસ્થા કરી આપનાર નરેન્દ્ર એમ ઘોસ, સંસ્કૃત ભાષા શીખવાની વ્યવસ્થા કરી આપનાર હિંદુ કુટુંબ, એમની સાથે લગ્ન કરવા માંગતી પારસીબાઈ અને ભૂલેશ્વર ખાતે કબૂતરખાના નજીકના મકાનમાં મળવા બોલાવતી બાઈ દરેક રસપ્રદ પ્રસંગો રોમાંચક અને હૃદયસ્પર્શી રીતે આલેખ્યા છે.

'લગ્નજીવનની ભીતરમાં' અધૂરો પ્રણય, બે નિષ્ફળ લગ્નજીવન, આત્મહત્યાનો પ્રયાસ અને ત્રીજી પત્ની ચંપા સાથેના સુખદ ગૃહસંસાર વિશે લખ્યું છે. "મારે ત્રણ પુત્રો અને એક પુત્રીથી ભર્યો ભર્યો મધુર સંસાર છે. એનું કારણ મારી ભાગ્યલક્ષ્મી સમી મારી પત્નીને જ માનું છું. મારા ઘરમાં આવતા નાના-મોટા મહેમાનોનું આતિથ્ય તો એણે કર્યુ જ છે. પરંતુ ઘણાં વર્ષો સુધી બહોળા સંયુક્ત કુટુંબમાં રહી સૌ કુટુંબીજનોને પ્રેમ, ઔદાર્ય અને માનવતાના દર્શન કરાવ્યાં છે. એને પણ હું મારું ભાગ્ય સમજુ છું." આમ, રંગભૂમિના અનુભવોની સાથે એમનું વ્યવહારિક જીવન આલેખન પામ્યું છે.

'સુંદરી'નું અપહરણ..?' પ્રકરણમાં શીર્ષકની પાછળ પ્રશ્નાર્થ લગાવી અપહરણની ફેલાયેલી અફવાનો ખુલાસો કર્યો છે. મંડળી કરાચીમાં નાટક કરવા ગઈ ત્યારે "કરાંચીમાં શ્રી જયશંકર 'સુંદરી'નું પઠાણ લોકો સ્ત્રી માનીને અપહરણ કરી ગયા છે." આ અફવા છેક મુંબઈ સુધી ફેલાયેલી તો કોઈએ એમના પિતાને વિસનગર પત્ર લખેલો કે, "તમે કેવા નિષ્ઠુર બાપ છો ! કે તમારા માંદા દીકરાની ભાળ લેતા નથી? તમારા દીકરાને અહીં કેટલાક બદમાશો ઉપાડી ગયા હતા. અને એના ગાલ કરડી ખાધા છે. અત્યારે એ હોસ્પિટલમાં છે. તમારે છેલ્લો મેળાપ કરવો હોય તો કરાંચી આવો." આ બંનેનો ખુલાસો એમને આમાં કર્યો છે.

સીટી ઈન્પ્રુવમેન્ટ ટ્રસ્ટના કાયદા હેઠળ નવું ગેઇટી થિયેટર તૈયાર થતાં નાટ્યમંડળી મુંબઈ નવા ગેઇટી થિયેટરમાં પાછા આવે છે. એટલે જ આ પ્રકરણનું નામ 'પુનઃ ગેઇટીમાં..' આપ્યું છે. આમાં શેઠ ફઝલેહુસેનને મુશ્કેલ સમયમાં એમને આપેલ ભેટ-રકમને પાછા આપવા જતાં જયશંકર 'સુંદરી'ની વિનમ્રતા પ્રગટી જોઈ શકાય છે. એ હંમેશા નાટ્યમંડળીમાં ચાલતી ખટપટથી પોતાને અળગા રાખતા હતા છતાં બાપુલાલ નાયકના કહેવાથી નાટ્યમંડળીના શેઠને નોટિસ આપી અજાણતા ખટપટનો ભાગ બનેલા. આ વિશે એમને 'ગેઈટીને અલવિદા' પ્રકરણમાં લખ્યું છે કે, "હું અચકાતો હતો. એટલે મેં બાપુલાલને કહ્યું, 'મારાવતી તમે જવાબ આપજો.' બીજું પણ લખ્યું છે કે, "એમની રજૂઆત તે મારી રજૂઆત ન હતી. પરંતુ એમની પોતાની જ હતી. છતાં હું એનું નિમિત્ત બની ગયો હતો. એ હું સમજી ગયો." આગળ જતાં પશ્ચાતાપ કરતાં લખે છે કે, "શેઠને નોટિસ આપવાની ભૂલ કરવા માટે મારી જાતને હું મનોમન દોષિત ગણવા લાગ્યો." મુંબઈ ગુજરાતી નાટક મંડળીમાં બાપુલાલ નાયકના સ્થાને દિગ્દર્શન કાર્ય કરવાની ઓફર મળેલી એ અંગે એમને પોતાની નબળાઈ જણાવતા લખ્યું છે. "આખી નાટક મંડળી ચલાવવાનો મને અભ્યાસ ન હોવાથી આ જવાબદારી ઉપાડવા હું તૈયાર ન હતો." એટલું જ નહીં એમને મંડળીમાં જોડાયા ત્યારે જ 'બાપુલાલની વિરૂદ્ધમાં ન જવાનું, અને એમની જગાએ નહીં આવવાનું' વચન આપેલું જે કાયમ પાળ્યું હતું. આથી જ હંમેશા નાટકમાં નાના કલાકારોને તાલીમ આપતા અને બાપુલાલ પાસે મોહર મરવતા હતા. આવી આંતરિક ખટપટના કારણે શેઠ બાપુલાલ નાયકને નાટ્યમંડળી વહેંચી દે છે એટલે એ ગેઈટી થિયેટર અને મુંબઈ નાટ્યમંડળી છોડી 'લક્ષ્મીકાંત નાટક સમાજ'માં જોડાયા હતા.

'રંગમંચની આદ્યસંસ્થા'માં પ્રથમ ગુજરાતી નાટક મંડળી એવી મુંબઈ ગુજરાતી નાટક મંડળીનો ઇતિહાસ આપી નાટ્યમંડળીનું બહુમાન કર્યું છે. 'લક્ષ્મીકાંતના પ્રાંગણમાં' પ્રકરણમાં 'લક્ષ્મીકાંત નાટક સમાજ'માં જોડાયા ત્યારે 'અબજોના બંધન' નાટક 'અજમાના બંડલ' બની જતાં બીજાનો દોષ ન કાઢતા પોતાની જ ભૂલનો સ્વીકાર કરતાં લખે છે, "આ નાટકમાં મારે હાથે થયેલી કેટલીક ભૂલોનો સ્વીકાર કરી લઉં. સમગ્ર કામ ઉપર મારી દષ્ટિ રહેવાથી અને જલદીમાં જલદી નાટક બહાર મુકાય એની અત્યંત ચિંતા રહેતી હોવાથી કવિ સાથે કથાની સુસંગતા સાચવવા અને કાપકૂપ કરી મઠારી લેવા હું ચર્ચા કરી શક્યો ન હતો. વળી નાટકના બધા જ અંગો ઉપર એકી વખતે ધ્યાન આપવા માટે હું નવો હતો, અને ધ્યાન આપવા જેટલે સમય પણ નાટક બહાર મૂકવાની ઉતાવળને લીધે મતે

મળ્યો ન હતો. નાટકની કથાવસ્તુના ત્રણ પ્રવાહો પડી જતા હતા. અને તે પ્રવાહો પાછા એકમાં મળી જતા હતા. આ અંગેની ચર્ચા પણ કવિ સાથે થઈ શકી નહીં. આ સિવાય બીજી પણ નાની નાની ભૂલો પોષાકના સંબંધમાં અને નાટકના દૃશ્યોના સંબંધમાં મારે હાથે થઈ હતી." લક્ષ્મીકાંત નાટક સમાજમાં વિરોધી વાતાવરણ કારણે સ્થાઈ ન થતાં 'સુબોધ ગુજરાતી નાટક મંડળી' પછી પુનઃ બાપુલાલ નાયક સાથે 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'માં જોડાયા હતા. અહીંયા જ ડૉ. મચ્છર, રા. વિ. પાઠક અને રાસિકલાલ પરીખ સાથે મુલાકાત થઈ. આવા વિદ્વાનજનોના આગ્રહથી રમણભાઈ નીલકંઠનું 'રાઈનો પર્વત' સાહિત્યિક નાટક સફળ રીતે ભજવાયું હતું. રંગભૂમિ સાથે વિદ્વાનજનોનો સંબંધ બંધાય ત્યારે રંગભૂમિ પ્રગતિમાં શિખરો સર કરી શકે એનો આ દાખલો રજૂ કર્યો છે. હંમેશા નાની ભૂમિકાનું દિગ્દર્શન કરતાં જયશંકર 'સુંદરી'ને આશા હતી કે કોઈવાર સંપૂર્ણ નાટકનું દિગ્દર્શન કરવા આપશે પણ એ દિવસ આવ્યો નહિ. આથી ૧૯૩૨માં નાટક મંડળીમાંથી છૂટા થયા એ પહેલાં બાપુલાલ નાયકે અને એમની વચ્ચે નક્કી થયેલું કે, "છૂટા થવાની વાત બધા નટોથી અને બહારના લોકોથી મારે ગુપ્ત રાખવાની હતી અને લાંબી રજાઓ ઉપર ઉતર્યો છું એવું કહેવાની એમણે શરતે મૂકી હતી." બાપુલાલની આ શરતને માન આપી કોઈને કહ્યાં વગર નાટક મંડળીમાંથી છૂટાં થયા હતા.

જયશંકર 'સુંદરી'ની આ આત્મકથા આત્મકેન્દ્રી ન બનતા બાળપણના પ્રસંગો અને રંગભૂમિના અનુભવોની સાથે રંગભૂમિઓ ભવ્ય ઇતિહાસ, પારસી રંગભૂમિ અને કલકત્તામાં ભજવતા નાટકો, નાટ્યતાલીમ, મુંબઈની રંગભૂમિ, મુંબઈ ગુજરાતી નાટક મંડળી, કરાંચીમાં ભજવતા નાટકો અને પ્રેક્ષકો તથા એમના સમકાલીન અભિનેતા, નાટ્યલેખકો, દિગ્દર્શકો, મંડળીના માલિકો, પ્રેક્ષકો અને ચાહકો વિશે આલેખન કર્યું છે. આ આત્મકથામાં દાદાભાઈ રતનજી ઠૂઠીની દિગ્દર્શનકલા, બાપુલાલ નાયકને દિગ્દર્શક, સંચાલક, લેખક તરીકે, દયાશંકર વસનજી ગિરનારા વિશે, નાટ્યલેખક મૂળશંકર મુલાણીને થયેલા અન્યાય વિશે, નાટ્યલેખક પ્રભુલાલ દ્વિવેદી, રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ, કવિ પાગલ, નાટ્યલેખક નૃસિંહ વિભાકર, અભિનેતા મોહન લાલજી, પ્રાણસુખ નાયક, કેશવલાલ શિવરામ, 'રામણી' તરીકે જાણીતા પ્રભાશંકર નાયક, અમૃત કેશવ નાયક અને ખાસ જેમને ગુરુ તરીકે સ્વીકાર્યા છે એવા મરાઠી રંગભૂમિના મહારાષ્ટ્રીયન નટ બાલ ગાંધર્વ જેવા પ્રખ્યાત કલાકારનો પરિચય પ્રાપ્ત થાય છે.

આત્મકથાનું છેલ્લું પ્રકરણ 'અંતરનટ'માં એમના મનોવિશ્લેષણ, રંગભૂમિ પ્રત્યેનો આદર અને પ્રેમ, નવી રંગભૂમિના આગમ વિશે લખ્યું છે. ૧૯૩૨ સુધી રંગભૂમિ પર અભિનય કર્યો ત્યાં સુધીના સંસ્મરણો આલેખન પામ્યા છે. પરંતુ દિનકર ભોજકે 'નેપથ્યે' નામે પ્રસ્તાવના લખી જયશંકર 'સુંદરી'ના નવી રંગભૂમિ પરની નાટ્યપ્રવૃત્તિ વિશે લખી એમની સંપૂર્ણ નાટ્યપ્રવૃત્તિઓને વાચક આગળ મૂકી આપી છે

આત્મકથાની ભાષાશૈલી સરળ, સાહિત્યિક અને વાચકના રસને જાળવી રાખે તેવી રસદાર છે. જ્યાં પણ વર્ણનની જરૂર છે ત્યાં ખુલ્લામનથી વર્ણન કર્યું છે. ગેઇટી થિયેટરમાં પ્રથમ પગ મૂક્યો એ અનુભૂતિ વિશે લખે છે, "આ ગેઈટી મને યશ અપાવશે, આ ગેઈટી મને સુવર્ણચંદ્રકો અપાવશે, આ ગેઈટી હજારો ગુજરાતીઓના મનનું સમાધાન કરાવશે, આ ગેઈટીને મારે અજાણપણે છોડવું પડશે. અરે આજ ગેઈટીના રંગમંચ ઉપર કરેલી એક ભૂમિકા મારા નામ સાથે સદાયને માટે જોડાઈ રહેશે. અરે આ ગેઈટી એક દિવસે આજનું મેજેસ્ટીક સીનેમા થશે એ તે દિવસે ખબર ન હતી. નાનકડું મન એ વખતે તો સુરમ્ય સ્વપ્નોની રંગ-લીલા જ નિહાળતું હતું. ગેઇટી વિશેના આ લખાણમાં 'આ ગેઇટી મને..' વર્ણનમાં લય પેદા કરે છે. એટલું નહિ 'આ ગેઇટી મને..' થી લઈ 'અરે આ ગેઇટી...' જયશંકર 'સુંદરી'એ પહેલીવાર ગેઇટી થિયેટરમાં પગ મૂક્યો ત્યાંથી લઈ થિયેટર છોડ્યું ત્યાં સુધીના વિકાસને વાચક સમક્ષ મૂકી આપે છે. એમના સમકાલીન કલાકારો, એમના ચાહકો – પ્રસંશકોના વ્યક્તિચિત્રો અને રંગભૂમિનો ઇતિહાસ એમના જીવન પ્રવાહની સાથે સમાંતર રજૂ થયો છે. પહેલીવાર સ્ત્રી પહેરવેશ ધારણ કર્યો એ અનુભૂતિના વર્ણનમાં સાહિત્યિકશૈલીના દર્શન થાય છે. રજવાડા જેવી મુંબઈ ગુજરાતી નાટક મંડળીના અંત વિશે લખે છે, "જ્યાં એક સમયે લક્ષ્મી નૂપુર ઝંકાર કરી હસતે મોંએ સ્વેચ્છાએ મંડળીની તિજોરીમાં પ્રવેશી સ્થિર થઈ હતી. એ જ ચંચળ લક્ષ્મી આજે થિયેટરની બહાર ચાલી જતી હું જોતો હતો." જે મોભાદાર નાટ્યમંડળીની નિઃસહાયતાને રજૂ કરે છે. મંડળી બંધ થતાં પોતાના દુઃખને

રજૂ કરતાં લખે છે, “પૈસા લેતી વખતે મારી આંખો ભીંજાઈ ગઈ. એ અશ્રુબિંદુઓ ન હતાં. રક્તબિંદુઓ હતાં.” તો છેલ્લે ગુજરાતી રંગભૂમિ પરથી મૂંગામોઢે વિદાય લેવી પડી એના વિશે લખે છે કે, “મહોલ્લાનું એક ચકલું મરી જાય અને જેમ કોઈને એની પરવા જ ન હોય તેમ ૧૯૦૧ થી ૧૯૩૨ સુધીની મારી રંગભૂમિની સેવાઓ આમ મહોલ્લાના ચકલાની જેમ મરી જવાની હતી.” આમાં એમની મનોભાવના રજૂ થતી જોઈ શકાય છે. પ્રથમપુરુષ એકવચનમાં લખાયેલ આ આત્મકથા જયશંકર ભોજકમાંથી જયશંકર ‘સુંદરી’ બનવાની કથા છે.

સંદર્ભગ્રંથ:-

સં. ભોજક, દિનકર. અને પટેલ, સોમાભાઈ. ‘થોડાં આંસુ : થોડાં ફૂલ’, પ્ર. આ., ૧૯૭૬, પ્રકા. શિવજી આશર, વોરા એન્ડ કંપની : અમદાવાદ

લે. વ્યાસ, સતીશ. સં. શાહ, સુમન. ‘આત્મકથા’-૧, પ્ર. આ. ૧૯૮૩, પ્રકા. અરુણોદય પ્રકાશન : અમદાવાદ

---

આરતી થોરિયા

પીએચ. ડી. સ્કૉલર,

ભાષા અને સાહિત્ય વિદ્યાશાખા,

ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ